# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17-06-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

## SIKKIM GUJARAT PRAVASI

સિક્કિમમાં ભૂસ્ખલનના કારણે ત્યાં ફસાયેલા રાજ્યના 30થી વધુ પ્રવાસીઓ સુરક્ષિત છે. રાજ્યના પ્રવાસીઓની સલામતી અંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ ગાંધીનગર સ્થિત સ્ટેટ ઇમરજન્સી ઑપરેશન સેન્ટર સતત સિક્કિમના વહીવટી તંત્ર સાથે સંપર્કમાં છે. તે દરમિયાન રાજ્યના તમામ પ્રવાસીઓ હાલમાં લાચુંગ ગામની એક હૉટેલમાં હોવાની માહિતી પ્રાપ્ત થઈ છે. રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે ગુજરાતના પ્રવાસીઓ સલામત છે.

(બાઇટ- ઋષિકેશ પટેલ, પ્રવક્તામંત્રી)

--------------

## AMRELI LION RAILWAY TRACK

અમરેલી જિલ્લાના પીપાવાવ પોર્ટ નજીક આજે પરોઢિયે મોટી દુર્ઘટના સર્જાતા સહેજમાં અટકી હતી. રેલવે ટ્રેક પર 10 સિંહોએ અડિંગો જમાવ્યો હતો ત્યારે જ માલગાડી આવી પહોંચી હતી. જો કે, માલગાડીના પાયલોટનું ધ્યાન પડતા જ ઈમરજન્સી બ્રેક મારી ટ્રેન રોકી દેતા મોટી દુર્ઘટના ટળી હતી. ત્યારબાદ પાયલોટ દ્વારા ટોર્ચની મદદથી સિંહને ટ્રેક પરથી દૂર કર્યા હતા. રેલવે વિભાગ દ્વારા 10 સિંહનો જીવ બચાવનાર પાયલોટની કામગીરીને બિરદાવવામાં આવી હતી.

--------------------

## Dang – Narcotic drugs awarenss

26મી જૂને "આંતરરાષ્ટ્રીય નશીલા દ્રવ્ય વિરોધી દિવસ" પૂર્વે નાર્કોટિક્સ કન્ટ્રોલ બ્યુરો દ્વારા દેશભરમાં નશામુક્ત ભારત પખવાડિયાનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમનાં ભાગ રૂપે ડાંગ જિલ્લા પોલીસ વિભાગના સ્પેશિયલ ઑપરેશન ગ્રુપ (SOG) દ્વારા "નાર્કોટિક ડ્રગ્સ એન્ડસાયકોટ્રોપિક (N.D.P.S.)" તેમજ  મુદ્દે એસ.ટી. બસ ડેપો ખાતે જન જાગૃતિ અભિયાન હાથ ધરાયું હતું.

માદક પદાર્થના ઉપયોગ તથા હેરાફેરીથી થતી આડઅસરો બાબતે જન જાગૃતિ કેળવવા, ડાંગ જિલ્લાની શાળાઓ અને કોલેજોમાં કાર્યક્રમો, ડ્રગ્સ વિરોધી રેલીઓ, જાહેર સભાઓ, વર્કશોપ, સેમીનાર પ્રદર્શનનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

.................................

## YOG DIVAS

દસમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી મહેસાણામાં પોલીસ પરેડ મેદાન ખાતે થશે. જેમાં 2500 થી વધુ યોગસાધકો જોડાશે. જિલ્લામાં 600 થી વધુ ગ્રામકક્ષા એ 1 હજાર 644 શાળાઓ, 10 સ્વૈચ્છિક

સંસ્થાઓ, 352 પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, 22 પોલીસ સ્ટેશન સહિતના 4 લાખથી વધુ યોગ સાધકો જોડાશે.

----------------------------

## MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 30 જૂનનાં રોજ આકાશવાણી પર ‘મન કી બાત’ કાર્યક્રમમાં દેશ વિદેશનાં લોકો સાથે પોતાનાં વિચારો રજૂ કરશે. દર મહિનાની અંતિમ રવિવારે પ્રસારિત થતા મન કી બાત કાર્યક્રમની આ 111મી કડી હશે. સતત ત્રીજીવાર પ્રધાનમંત્રી તરીકે ચૂંટાયા બાદ પ્રથમ વાર મન કી બાત કાર્યક્રમ પ્રસારિત થશે.

આ માટે લોકો ટોલ ફ્રીનંબર 1800-11-7800 પર તેમના વિચારો અને સૂચનો 28 મી તારીખ સુધીમાં નરેન્દ્ર મોદી એપ અથવા માય જીઓવી (MyGov) ઓપન ફોરમ દ્વારા મોકલી શકશે. મન કી બાત કાર્યક્રમનું પ્રસારણ આકાશવાણી અને દૂરદર્શનનાં સંપૂર્ણ નેટવર્ક, એઆઇઆર ન્યૂઝ વેબસાઈટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ પર કરવામાં આવશે.

એઆઇઆર ન્યૂઝ, ડીડી ન્યૂઝ, પ્રધાનમંત્રી કાર્યાલય તથા માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પરથી પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે. આકાશવાણી મન કી બાતના હિન્દી પ્રસારણ બાદ તરત જ પ્રાદેશિક ભાષાઓમાં પણ તેનું જીવંત પ્રસારણ કરશે.

-----------------

## EID MUBARAK

રાજ્ય સહિત દેશભરમાં આજે મુસ્લિમ બિરાદરો ઇદ અલ અદહાની ઉજવણી કરી રહ્યા છે. મુસ્લિમ ભાઇઓએ ઇદગાહ અને મસ્જિદોમાં ખાસ નમાઝ અદા કરીને એકબીજાને ભેટીને ઇદ અલ અદહાની મુબારક બાદી પાઠવી હતી.

પાટણ શહેર સહિત જિલ્લામાં આજે મુસ્લિમ સમુદાય દ્વારા ઈદ-અલ-અદહાના તહેવારની હર્ષભેર ઉજવણી કરાઇ રહી છે. આ પ્રસંગે મૌલાના અબ્દુલ કાદિર સાહેબ નદવીએ કુરબાનીનું મહત્વ સમજાવ્યું હતું જ્યારે મૌલાના સિદ્ધિક સાહેબે ઈદની નમાજ પઢાવી હતી.

ભાવનગર શહેર જીલ્લા સહીત સમગ્ર ગોહીલવાડમાં આજે ઈદનો તહેવાર ધામધૂમ પૂર્વક ઉજવાયો હતો. ભાવનગર સેન્ટ્રલ જેલમાં પણ કેદીઓએ ઇદની ઉજવણી કરી હતી.

.................

## TAPI- Leprosy

તાપી જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા રક્તપિત્તના શંકાસ્પદ દર્દીઓને શોધવાનું અભિયાન ચાલી રહ્યુ છે. આ માટે તાપી જિલ્લાના આરોગ્ય વિભાગ સાથે જોડાયેલ **800** જેટલા અધિકારીઓ, કર્મચારીઓ અને આશા

વર્કરો અથાગ પ્રયત્નો કરી રહ્યા છે.  તાપી જિલ્લામાં આ રોગનો રેશિયો વિશેષ હોય તેને નાથવા માટે અભિયાન સ્વરૂપે કામગીરી કરવામાં આવી રહી છે.

. --------------------

## MAHESANA CHOMASU PAK VAVETAR

મહેસાણા જિલ્લામાં અત્યાર સુધીમાં 14 હજાર 901 હેકટર જમીનમાં વાવેતર થઈ ગયું છે. જિલ્લાના 10 તાલુકાઓમાં સૌથી વધુ 6 હજાર 319 હેકટર જમીનમાં વિસનગર તાલુકામાં વાવેતર થયું છે. જ્યારે સૌથી ઓછું બહુચરાજી તાલુકામાં 171 હેકટર જમીનમાં વાવેતર થયું છે. જિલ્લામાં કપાસનું વાવેતર 10 હજાર 67 હેકટર જમીનમાં, મગફળીનું 435 હેકટર જમીનમાં વાવેતર થયું છે.

----------------

## Patan Accident

પાટણના સરસ્વતી તાલુકાનો એક પરિવાર સુરતથી વતનમાં આવી રહ્યો હતો ત્યારે ગઈ કાલે મોડી રાત્રે થયેલા કાર અકસ્માતમાં પાંચ વર્ષનું બાળક અને 65 વર્ષની મહિલાનું ઘટનાસ્થળે મોત થયું હતું. ઇજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. વાગડોદ ગામ નજીક માર્ગમાં નીલગાય આવતા ચાલકે વાહન પરનો કાબુ ગુમાવતા કાર ઝાડ સાથે અથડાતાં અકસ્માત થયો હતો.

..........

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

....................................